# સામાયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-8 | સામાજિક વિજ્ઞાન | તા. 21/09/2019

સમય :- 1 કલાક | HindiHelpGuru | ગુણ- 25

**અ.નિ. ભારતમાં શાસન સ્થાપવા અંગ્રેજોએ અપનાવેલી નીતિ અને રીતો જણાવી શકશે.**

પ્રશ્ન- 1 નીચે આપેલ પ્રશ્નનો એક શબ્દમાં જવાબ લખો. 5

1." સહાયકારી યોજના" બનાવનાર અંગ્રેજ અધિકારી.... વેલેસ્લી

2.ભારતમાં ખાલસા નીતિ અપનાવનાર.....ડેલહાઉસી

**અ.નિ. પ્રાકૃતિક આપત્તિઓ ઉદ્દભવવાના કારણો અને તેના કારણે થતી અસરો જણાવી શકશે.**

3. સતત બે કે ત્રણ વર્ષ સુધી વરસાદ ન પડે કે ઓછો વરસાદ પાડવાની ક્રિયાને..દુષ્કાળ

4. ભૂકંપનો વેગ માપવાનું યંત્ર.....ભૂકંપ આલેખક

5. જંગલમાં વૃક્ષોના ઘર્ષણથી આગ લાગે તેને ....દાવાનળ

**અ.નિ. પ્રાકૃતિક આપત્તિઓના સમયે સ્વબચાવ માટે લેવાના પગલાંઓ જણાવી શકશે.**

પ્રશ્ન- 2 ખરા-ખોટા જણાવો. 5

1. ગુજરાતમાં તારીખ 13-06-2019 ના રોજ વાયુ નામનો ચક્રવાત આવ્યો હતો. ખરું
2. પૂર આવે ત્યારે ઉંચાઈવાળા વિસ્તારમાં જતાં રહેવું. ખરું
3. આગને હોલવવા પેટ્રોલનો ઉપયોગ કરવામાં આવે છે. ખોટું
4. ભૂકંપ આવે તો લિફ્ટનો ઉપયોગ કરવો જોઈએ. ખોટું

**અ.નિ. અંગ્રેજ શાસનની ભારત પર સામાજિક અને આર્થિક અસરો જણાવી શકશે.**

પ્રશ્ન- 3 નીચે આપેલ જોડકાના 'અ' વિભાગને 'બ' વિભાગને સાથે જોડો. 5

| અ | બ |
|---|---|
| 1. 1834 | 1. શીખ સામ્રાજ્યમાં ભેદભાવની નીતિ |
| 2. 1857 | 2. અંગ્રેજી કેળવણીનો વિચાર |
| 3. હાર્ડિંજ | 3. સતીપ્રથા નાબૂદી |
| 4. વિલિયમ બેંટીક | 4. કાયમી જમાબંધી મહેસૂલ પદ્ધતિ |
| 5. કોર્નવોલિસ | 5. ભારતમાં યુનિવર્સિટીની સ્થાપના |

**અ.નિ. પ્રાકૃતિક આપત્તિઓની યાદી બનાવી દરેકનો અર્થ અને સ્પષ્ટીકરણ કરી શકશે.**

પ્રશ્ન- 4 એક-બે વાક્યમાં જવાબ લખો. 4

1. પૂર કોને કહેવાય છે ?

નદીમાં એકાએક આવતાં ધસમસતાં પાણીના પ્રવાહને 'પૂર' (Flood) કહે છે. પ

2. 'ત્સુનામી' એટલે શું?

સમુદ્રના તળિયે આવેલા જ્વાળામુખી ફાટવાથી કે તળિયે ભૂકંપ થવાથી સમુદ્રની સપાટી પર ખૂબ શક્તિશાળી વિનાશક મોજાં ઉત્પન્ન થાય છે. આ મોજાંને 'ત્સુનામી' કહે છે. તે ઊંચા અને અસાધારણ લંબાઈનાં હોય છે.

3. જ્વાળામુખી વિસ્ફોટ થવાના કારણોના નામ આપો.

જ્વાળામુખી વિસ્ફોટ થવાનાં મુખ્ય ચાર કારણો છે : (1) પૃથ્વીના પેટાળનું તાપમાન (2) પ્રવાહી મેગ્માની ઉત્પત્તિ (3) વાયુ અને વરાળનો ઉદ્ભવ અને (4) મેગ્મા (લાવરસ)નું ભૂસપાટી તરફનું વહન.

4. ભસ્ખલન કેવી રીતે થાય છે?

પૃથ્વીના પેટાળમાં થતાં ઝડપી ભૂસંચલન અને દબાણને કારણે ભૂસપાટીનો અમુક નબળો ભાગ એકાએક વેગથી ધ્રૂજી ઉઠે છે. આ આકસ્મિક ધ્રૂજારીને 'ભૂકંપ' કહે છે. ભૂકંપ ક્રિયાના ઉદ્ભવસ્થળેથી ભૂકંપનાં મોજાં પેદા થાય છે, જેને ભૂકંપ કેન્દ્ર (Epicentre) કહે છે. ભૂકંપ કેન્દ્ર પૃથ્વીના નીચેના ભાગમાં હોય છે. આ આંતરિક ભૂસંચલનને કારણે ભૂકંપ થાય છે.

સામાયિક મૂલ્યાંકન કસોટી

સામાજિક વિજ્ઞાન

અ.નિ. વિદેશી પ્રજાએ ભારતમાં સામ્રાજય સ્થાપવા ભારતીય શાસકોની નબળાઈઓનો કેવી રીતે ઉપયોગ કર્યો તે વર્ણવી શકશે

પ્રશ્ન- 5 મુદ્દાસર જવાબ લખો. 6

1. ખાલસાનીતિનો ભોગ કયા-ક્યા રાજ્યો બન્યા હતા?

શરૂઆતમાં કંપની સરકારે કેટલાક પ્રદેશોને ગેરવહીવટના બહાને ખાલસા કર્યા હતા. પછી બ્રહ્મદેશ (હાલનું મ્યાનમાર) અને પંજાબ પ્રાંતને પણ ખાલસાના ભાગ બનાવ્યા. જો આશ્રિત રાજા અપુત્ર મરણ પામ તા અનુ રાજ્ય ખાલસા કરાવવામાં આવતું. આવી રીતે સતારા, ઝાંસી, નાગપુર વગેરે રાજ્યો ખાલસાનીતિના ભોગ બન્યાં હતાં.

2. ડેલહાઉસીએ ભારતમાં કયા-કયા સુધારાઓ કર્યા હતા?

. બ્રિટિશ સામ્રાજ્યને દૃઢ બનાવવા અને શાસનની સવલત માટે ડેલહાઉસીએ ભારતમાં કેટલાક સુધારા કર્યા હતા. તેના સમયમાં ભારતમાં મુંબઈથી થાણા સુધીની સર્વપ્રથમ રેલવેલાઇન શરૂ થઈ હતી (ઈ.સ.1853). આધુનિક ટપાલપદ્ધતિ પણ તેના સમયમાં દાખલ થઈ. : આ સમયે જ ઇંગ્લૅન્ડ અને ભારત વચ્ચે તાર વ્યવહાર શરૂ થયો ડેલહાઉસીએ બાળલગ્ન પ્રતિબંધકધારો તથા વિધવા પુનઃ વિવાહ ધારો પસાર કર્યો હતા. તેના સમયમાં ભારતમાં અંગ્રેજી શિક્ષણનો ફેલાવો થયો હતો.

3. અંગ્રેજ શાસન દરમિયાન વિદેશમાં ભારતની કઈ-કઈ ચીજ વસ્તુઓની માંગ વધુ હતી?

અહીં માલ ખરીદવા આવતા. હિંદમાં બનતું શણ, ઊન, રેશમ અને સૂતરના કાપડની વિદેશમાં માંગ રહેતી હતી. ઢાકાની મુલાયમ, બારીક મલમલની દુનિયામાં મોટી માંગ હતી. કાપડ ઉપરાંત સૂરોખાર, મીઠું, સાકર વગેરે માલની નિકાસ થતી તેના બદલામાં ભારતમાં અઢળક સોના-ચાંદીની આયાત થતી હતી.


ઓનલાઈન માર્ક્સ એન્ટ્રી એપ ડાઉનલોડ

All Unit Test Paper Solution

Click Here

HindiHelpGuru.com